ગાંધીનગર સમાચાર

તા. ૨૬-૨-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### પક્ષાન્તરનું રાષ્ટ્રવ્યાપી પાપ

સિદ્ધાંતો અને વિચારધારાની મસમોટી ડંફાસો ડહોળતા અને પોતાની જાતને બીજા કરતાં દશાંગુલ ઉફરી મૂકીને ચાલનારા - 'પાર્ટી વિથ એ ડિફરંસ' જેવું છોગું લગાડીને ફરતા ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ દુનિભરના પક્ષપલટુઓ માટે દરવાજા ખોલી નાખ્યા છે. આગામી ચૂંટણી ભાજપ માટે સત્તા પર પાછા ફરવાની શકયતા લઈને આવી રહી છે. રાષ્ટ્રીય સ્વયં સંઘ આ તક કોઈ પણ સંજોગોમાં વેડફાઈ ન જાય એની તકેદારી રાખી રહ્યો છે. ભાજપનું સમસ્ત રિમોટ કંટ્રોલિંગ અત્યારે સંઘના સુપ્રીમો મોહન ભાગવત હસ્તક છે. ભાગવત નરેન્દ્ર મોદીના જૂના મિત્ર છે. નરેન્દ્ર મોદીના નામનું મોજું ઊભું થયું છે એટલે ડૂબતું વહાણ છોડી ઉંદરડા કૂદી પડે એમ કોંગ્રેસના ધારાસભ્યો એક પછી એક કેસરિયો ખેસ પહેરવા પડાપડી કરી રહ્યા છે. પક્ષાંતર ધારા હેઠળ તો સામટા એક તૃતીયાંશ ધારાસભ્યો પક્ષપલટો કરે તો જ બચી શકે એવો કાયદો હોઈ આ એકલદોકલ પક્ષપલટુઓ ભાજપના નેતૃત્વ દ્વારા પ્રિસ્ક્રાઈબ કરાયેલી ગાઈડ લાઈન મુજબ પહેલાં સીધા પાર્ટીના સભ્ય તરીકે અને ધારાસભ્ય પદેથી રાજીનામું ધરી દઈને પછી જ કેસરિયા ટોળકીમાં હાજરી પુરાવે છે. એમણે આવો નિર્ણય કર્યા અગાઉ ઘણું 'મનોમંથન' કર્યું હોય છે, ગુજરાતના હિતમાં જ જાણે બહુ મોટું બલિદાન ધરી દઈ રહ્યા હોય એવો દેખાવ કરે છે અને સિદ્ધાંતનિષ્ઠ કોંગ્રેસી મોરારજી દેસાઈનું નામ પછી ગુજરાતી વ્યક્તિને વડાપ્રધાનપદે પહોંચાડવાની સોનેરી તક સામે ચાલીને બારણે ટકોરા દઈ રહી હોય ત્યારે અદના ગુજરાતી તરીકે અમે પણ અમારો 'રાજયધર્મ' કે વતનપરસ્તી બજાવવા કૃતસંકલ્પ છીએ, એવાં ગળચટાં નિવેદનો પાછળ પક્ષપલટાનું પાપ ઢંકાઈ જશે એમ માનનારા ભીંત ભૂલે છે. પ્રજા બધું સમજે છે. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા માટે એને કોંગ્રેસના પક્ષપલટુઓની મદદ કે શિખામણ નથી ખપતી. ઊલટાનું ભાજપ નેતાગીરી દ્વારા કોંગ્રેસમાંથઈ વિકેટો ખેરવવાનું આ હિચકારું કૃત્ય કદાચ નરેન્દ્ર મોદી માટે જનસાધારણના માનસમાં જાહેલા સદ્ભાવને લૂણો લગાડવાનું નિમિત્ત બની રહેવાની શકયતા છે. કોંગ્રેસના ટકોરાબંધ મતદારોને આવા ગદ્દાર જનપ્રતિનિધિઓ પ્રત્યે સૂગ જાગે તે સ્વાભાવિક છે. ભાજપ ધર્માન્તરણની સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવનારી પાર્ટી છે પરંતુ એને પક્ષાંતર પ્રવૃત્તિ સામે કોઈ છોછ નથી. કાળો ચોર પણ પોતાની પાંખમાં આવતો હોય તો એને 'ઉદારતાપૂર્વક' સમાવી લેવાની કૂટનીતિ એના અસલી પોતને સાવ જ પાતળું પાડી દેશે એમાં શંકાને સ્થાન નથી. ઍનડીએના ડૂબતા વહાણમાંથી કૂદી પડેલા ઉંદરડા યુપીએના વહાણમાં ચડી બેઠા હતા. હવે ત્યાં સલામતી નહીં વરતાતાં પાછા ફરી રહ્યા છે. બિહારના દલિત નેતા લોકજનશક્તિ પાર્ટીના સ્થાપક રામવિલાસ પાસવાન કોઈપણ ગઠબંધન સાથે જોડાઈ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવાના 'ચાલુ'- કીમિયાગાર રાજકારણી છે. નરેન્દ્ર મોદીના જ મુદ્દે એમણે ઍનડીએ સરકારનું પ્રધાનપદું છોડ્યું હતું. અત્યાર લગી મોદી વિરુદ્ધ બેફામ ભાષામાં ભાંડણલીલા આચરનારા નેતાને લાલુપ્રસાદ યાદવ અને કોંગ્રેસના ગઠબંધનમાં જોડાયેલા રહેવાથી ઝાઝો લાભ નહીં રહે એવી શકયતા લાગી હોય અથવા બેઠકોની તડજોડમાં વાંકું પડ્યું હોય, પણ તેઓ હવે ભાજપ સાથે મળીને અસ્તિત્વની લડાઈ લડવા તૈયાર થયા છે. ભાજપના જ ચૌબે જેવા નેતાઓ આવા તકવાદી અને તકલાદી જોડાણોનો ખુલ્લો વિરોધ કરતા હોવા છતાં બિહારમાં અત્યાર સુધી નીતીશકુમારના આશરે જીવેલી પાર્ટી લાલુ યાદવના છોગામાંથી એક પીછું ખેરવી લઈ જાતિવાદના રાજકારણને શરણે જઈ રહી છે. એના વરિષ્ઠ નેતાઓ શું એટલું નહીં સમજતા હોય કે આવા કૃત્રિમ જોડાણો ચૂંટણી જંગ ટાણે બૂમરેંગ પણ થઈ શકે! મહારાષ્ટ્રમાં રિપબ્લિકન પાર્ટીના રામદાસ અઠવલે સાથે ગોઠવણ કરી દલિત વોટબેંક કબજે કરવાનો ઈરાદો સેવતી ભારતીય જનતા પાર્ટીએ ઉદિત રાજ અને રામવિલાસ પાસવાનને પાંખમાં લઈ ઉત્તરભારતમાં એની મતબેંક મજબૂત કરવાનો કારસો કર્યો છે. કોંગ્રેસ અને ભાજપ - બેઉને સરખાં ભ્રષ્ટાચારી ગણાવતા કેજરીવાલ જેવી આશાસ્પદ નવા નેતા પણ કોંગ્રેસ કે ભાજપમાંથી 'આપ'માં જોડાવા માગતા આગેવાનોને આવકારવા તૈયાર બેઠા હોય ત્યાં બીજા 'રીઢા' ગુનેગારો પાસે તો અપેક્ષાજ શી રહે? પક્ષાંતર એ પ્રજાદ્રોહી કૃત્ય છે.. ધર્માંતરણ અંગત બાબત છે. એ દૃષ્ટિએ મૂલવતાં પક્ષાંતર એ ધર્માંતરણ કરતાં મોટું પાપ ગણાય.

# નિસર્ગ સેન્ટર દ્વારા પ્રદૂષણ પર નિયંત્રણ લાવવા લેક્ચર અને શેરી નાટક યોજાયું

## સેન્ટર દ્વારા વિજ્ઞાન દિવસને લઈ વિવિધ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પોપ્યુલર લેક્ચર અને વિજ્ઞાન નાટક એકજ એન્ડ ટેકનોલોજીના ઉપક્રમે પોપ્યુલર લેક્ચર અને વિજ્ઞાન નાટક યોજવામાં આવ્યું હતું.

સેન્ટર દ્વારા શહેરની બાશ્રી વિદ્યામંદિર અને આજોલની કન્યા વિનય મંદિર સંસ્કાર તીર્થ ખાતે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પંડિત કોમ્યુનિકેશન દ્વારા પ્રદૂષણ નિયંત્રણ



દિવસમાં ત્રણ જગ્યાએ યોજવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

મહાન વૈજ્ઞાનિક ડૉ. સી.વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે તા. ૨૪ના રોજ નિસર્ગ સાયન્સ સેન્ટર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ

તેમજ રાંધેજાની જે.એસ. પટેલ વસંતકુંવરબા સ્કૂલ ખાતે પ્રદૂષણ નિયંત્રણ પર પોપ્યુલર લેકચર યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિષય નિષ્ણાંત નરેશભાઈએ વિદ્યાર્થીઓને પ્લાસ્ટીક, ઘન કચરા દ્વારા ફેલાતા પ્રદૂષણની વિસ્તૃત માહિતી પુરી પાડી પ્રદૂષણ અટકાવવા જરૂરી પગલા સુચવ્યા હતા.

આધારિત વાયુ, જમીન અને અવાજના પ્રદૂષણ પર શેરી નાટક યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને નાટકને નિહાળ્યું હતુ. સમગ્ર કાર્યક્રમમાં એન્જીનીયર યુ.આર. શાહ, સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# બોર્ડના વિદ્યાર્થીઓ માટે હેલો... હેલ્પલાઈનનો પ્રારંભ

## વિદ્યાર્થીઓને ટેન્શન દૂર કરવા અને પરીક્ષાની તૈયારી સંદર્ભે માર્ગદર્શન પુરૂ પાડશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૩ માર્ચથી પ્રારંભ થનારી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા અંગે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. તેની સાથોસાથ આ પરીક્ષાને આડે હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા હોય બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ટેન્શનને દૂર કરવા હેલો હેલ્પલાઈન (ટોલ ફ્રી નંબર) શરૂ કરવામાં આવી છે.

ગુજરાત સેકેન્ડરી એન્ડ હાયર સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓની તમામ પ્રકારની તકલીફને દૂર કરવા તથા તેમના ટેન્શનને ઘટાડવા હેલો હેલ્પલાઈનની શરૂઆત કરવા કમર કસી લીધી છે. ટોલ ફ્રી નંબર સાથેની હેલ્પલાઈન શરૂ થઈ છે.

વિદ્યાર્થીઓ માટે ટોલ ફ્રી નંબર ગઈકાલથી શરૂ થયો છે. ધોરણ-૧૦ અને ૧૨ના વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૮૦૦૨૩૩૫૫૦૦ ની શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ પરીક્ષાની સંદર્ભમાં તમામ પ્રકારની માહિતી આ ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર મેળવી શકશે. જેથી વિદ્યાર્થીઓની ટેન્શનને દૂર કરી શકાશે. વિદ્યાર્થીઓ માત્ર માહિતી જ મેળવી શકશે નહી. બલ્કે તેઓ પરીક્ષા માટેની તૈયારી કઈ રીતે કરવી તે અંગે માર્ગદર્શન પણ મેળવી શકશે.

પરીક્ષામાં સારા નંબર મેળવી શકાય તે માટે કઈ રીતે પરીક્ષામાં લખાય તે અંગેની માહિતી પણ મેળવી શકાશે. બોર્ડના ચેરમેન આર.આર. વરસાણીએ જણાવ્યું હતું કે આ હેલ્પલાઈન પરીક્ષા પુરી થશે નહી ત્યાં સુધી ઓપરેશનમાં રહેશે. વિદ્યાર્થીઓ મનોચિકિત્સકો, વિષયના શિક્ષકો અને અન્ય નિષ્ણાંતોનો સંપર્ક કોઈપણ સમયે કરી શકશે. હજારો વિદ્યાર્થીઓએ ગયા વર્ષે હેલ્પલાઈનનો ઉપયોગ કર્યો હતો. વિદ્યાર્થીઓ તરફથી મોટી સંખ્યામાં કોલ મળ્યા હતા. આના માટેની પુરી તૈયારી કરી લેવામાં આવી છે. જાણવા મળ્યું છે કે વિદ્યાર્થીઓ તરફથી ૪૦ ટકા કોલ વિષયને લગતા હોય છે. ચોક્કસ ટિપ્સ મેળવવા માટે આ પ્રકારના ફોન કરવામાં આવે છે. જ્યારે ઘણા બધા ફોન વિદ્યાર્થીઓ તરફથી પરીક્ષાને લઈને ચિંતા હોવાની વાત સાથે પણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને તમામ પ્રકારની મદદ મળી રહે તે હેતુ સાથે આની શરૂઆત કરવામાં આવી છે.

## જીઆઈપીએસ સ્કૂલનો ૯મો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજાનો ૯મો વાર્ષિક મહોત્સવ આગામી તા. ૩ માર્ચના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ધર્મોના સંતો અને પયગંબરોની કૃતિઓ રજુ કરી ભક્તિગાથાથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવામાં આવશે. વાર્ષિકોત્સવ નિહાળવા માટે તા. ૨૭ અને ૨૮ ફેબ્રુઆરી સવારે ૯ થી ૩ દરમિયાન સ્કૂલ ખાતેથી નિઃશુલ્ક પાસ મેળવી લેવા તેમજ વધુ માહિતી માટે ૯૯૨૫૦૧૭૧૬૦૫૨ સંપર્ક કરવા જણાવ્યું છે.

## પિલવાઈ કોલેજને એ-ગ્રેડ સાથે દોઢ કરોડની ગ્રાન્ટ મળશે

ગાંધીનગર, તા. ૨૫

ઉત્તર પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ સંચાલિત યુ.પી. આર્ટસ, શ્રીમતી એમ.જી. પંચાલ સાયન્સ અને વી.એલ.શાહ કોમર્સ કોલેજ પિલવાઈને એન.એસ.સી. દ્વારા એ-ગ્રેડ આપવામાં આવ્યો છે. નેકની ટીમ ડિસેમ્બર માસમાં મૂલ્યાંકન કરવા આવેલ હતી.

૨૦૧૧માં અર્ધશતાબ્દીની શાનદાર ઉજવણી કરનારી આ કોલેજને એ-ગ્રેડ મળતાં ગૌરવ વધ્યુંછે. એવોર્ડમાં સંસ્થાને દોઢ કરોડ રૂપિયા જેવી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. સંજય શાહ તથા સમગ્ર શૈક્ષણિક અને વહીવટી સ્ટાફને અભિનંદન કેળવણી મંડળના હોદેદારોએ પાઠવેલ છે. આચાર્ય ડૉ. સંજય શાહે કેળવણી મંડળની ઉદારતાને પ્રતિબદ્ધતાને બિરદાવી હતી.

## બ્યુટી અંગેનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે અખિલ ગુજરાત મહિલા સંસ્થા શક્તિમંચ અને હોમ સાયન્સ વિભાગ દ્વારા ત્રણ દિવસીય બ્યુટી કેર સેમિનાર યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને સંસ્થાના આયોજક કૌશિકભાઈ તન્ના અને તેમની ટીમ દ્વારા વિવિધ હેરકટ, હેરસ્ટાઈલ, હર્બલ ફેશિયલ, હર્બલ બોડી મસાજ, સાડી ડ્રેપીંગ તેમજ સુંદરતાને લગતી વિવિધ ટીપ્સ આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે ભાગ લીધેલ વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય, પ્રાધ્યાપકગણ સહિત વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી.

## હરિની દૃષ્ટિ...



*બહેન, ૧૦ કિલો ભંગાર અમને આપનારને આ પુતળુ ભેટ મળશે... તમારે ક્યાંય પુતળા જોવા પેટ્રોલ બાળવાની જરૂર જ નહીં...!!*

## પૂ. રવિશંકર મહારાજની ૧૩૧મી જન્મજયંતિએ પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતની રાજધાની ગાંધીનગર જેના આશિર્વાદથી આરંભાઈ તેવા પૂ. રવિશંકર મહારાજની આ વર્ષે ૧૩૧મી જન્મજયંતિનું વર્ષ છે. આ વર્ષે શહેરની વિવિધ સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના સહકારથી પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

આગામી તા. ૨૭મી ફેબ્રુઆરીએ પૂ. રવિશંકર મહારાજની ૧૩૧મી જન્મજયંતિ છે. પૂ. રવિશંકર મહારાજના સામાજીક જીવન પરના ઉપકારો કોણ ભૂલી શકે તેમ છે? તેમના આ અમૂલ્ય યોગદાન બદલ તેમને શ્રદ્ધાંજલિ રૂપે ઘ-૫ સર્કલ ખાતે આવેલ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ભારતીય સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના સહકારથી યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં પાટનગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ સામેલ થઈ રહી છે. જેમાં ગાંધીનગર શહેર વસાહત મંડળ, જ્યોતિ મહિલા મંડળ, સીનીયર સીટીઝન્સ કાઉન્સીલ, જાગૃત નાગરિક પરિષદ, વરિષ્ઠ કલ્યાણ ટ્રસ્ટ, પેન્શનર્સ ફેડરેશન, ગાંધીનગર સાહિત્ય સભા, લાફીંગ ક્લબ, સિનીયર ઈજનેર આર્કિટેક એસોસિએશન, આત્મન ફાઉન્ડેશન અને ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનનો સમાવેશ થાય છે.



હરિયાણાના કુરુક્ષેત્ર ખાતે નેશનલ કક્ષાની અંડર-૧૮ કિક બોકસીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. તા. ૧૩ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં સેકટર-૨૮ બા શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની ધોરણ-૧૨ની જયોતિ ચૌધરી અને ધોરણ-૧૧ની વિદ્યાર્થીની સંધ્યા પ્રજાપતિએ ગોલ્ડ મેડલ મેળવી શાળાનું અને શહેરનું ગૌરવ વધાર્યું છે.

## ચૌધરી વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ, ઈનામ વિતરણ, વિદાય સમારોહ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૫

બોર્ડની પરીક્ષાને લઈ શાળાઓમાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે શાળાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. શહેરની જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં વિદાય લેતા વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ અને વિવિધ ક્ષેત્રે ઝળકેલા વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો

શહેરની સેકટર-૭ સ્થિત જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે આજ રોજ વાર્ષિકોત્સવ નિમિત્તે ઈનામ વિતરણ અને વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં વિદ્યાર્થીઓએ ગરબો, રાજસ્થાની નૃત્ય અને ફ્રી સ્ટાઈલ ડાન્સ રજૂ કર્યા હતાં. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં નેશનલ અને રાજય કક્ષાએ સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. અને વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં જવલંત સફળતા મળે તે માટે શુભેચ્છા પાઠવી સ્નેહભરી વિદાય આપવામાં આવી હતી.

# અકસ્માત એટલે જીવનમાં પડતી મૃત્યુની ગૂંચ

## વિચારોનાં મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

જીવનની ગતિ વિજ્ઞાનને આધારે પૂરપાટ દોડે છે. અને સામે છેડે માનવીય ભૂલોને લીધે અકસ્માતોથી છાપાનાં પૃષ્ઠો અને રુદનનો દરિયો છલકાયાં કરે છે. ન્યૂટનની ગતિના ત્રણ નિયમ બરાબર ગોખનારા લોકો પણ વાહનની ગતિને સમજવામાં થાપ ખાઈ જાય છે. ક્રિયાની પ્રતિક્રિયા માપવામાં તેની લંબાઈ ઓછી પડે છે. જીવનની ગતિને વેગ મળે તે માટે શરૂઆત પ્રાણીઓની સવારીથી થઈ અને પછી આજનાં વેગીલા અને કામગરાં ચારપૈડાનાં ઘરઘરાટી બોલાવ્યા વગરનાં વાહનો આવતાં જ માણસનાં માનસ ઉપર વાહનોએ સવારી કરી!

દેશના આર્થિક વિકાસ માટે, સંરક્ષણ માટે અને રાષ્ટ્રીય એકતામાં સડકમાર્ગ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. દુર્ગમ પહાડી વિસ્તારો, રણવિસ્તાર, ગીચ જંગલોવાળા તથા પ્રતિકૂળ આબોહવાવાળા વિસ્તારમાં પણ સડકમાર્ગે વાહનવ્યવહાર શકય છે. સડકમાર્ગના મુખ્ય પ્રકારોમાં આંતરરાષ્ટ્રીય સડકમાર્ગ, રાષ્ટ્રિય ધોરીમાર્ગ જેની સંખ્યા ૮ છે, રાજયધોરી માર્ગ, જિલ્લા માર્ગ, એપ્રોચરોડ અને એકસપ્રેસ હાઈવે છે.

વાહન ચલાવવું એટલે હાથ, પગ અને મગજની ક્રિયાશક્તિનો અદ્ભુત સમન્વય. એમાં આંખના પલકારામાં નિર્ણય કરવાનો અને આંખનાં પલકારામાં બચવાનું .પૂરતી ઊંઘ અને આરામ વાહન ચાલકનો બીજો ખોરાક છે. સતત વાહન ચલાવ્યા જ કરવાનું અમાનવીય કામ કોઈ પાસે લેવું તે જીવનને બીજાને હવાલે કરવા જેવી ભયંકર વાત છે. જેટલી જવાબદારી વાહન ચાલકની છે તેટલી જવાબદારી વાહનમાંથી સાથી મુસાફરોની છે.

એક વાહનચાલકને ઘરની યાદ સતાવે, પરિણામે તેના વાહનની ગતિ વધતી જાય અને બીજા મુસાફરોનો જીવ પડીકે બંધાય. જો કોઈ તેને ઘરનાં સભ્યની જેમ નહીં રાખે તો તેને સીધું ઘર દેખાવાનું. બધા મુસાફરો એકબીજા સામે જોઈ રહે અને ગાડીનો ચાલક તીવ્ર ગતિએ ધસમસતો કયાં જઈ શકશે? ચાલકને બ્રેક મારવાનું પુણ્ય કાર્ય કોણ કરશે?

કયારેક જ અકસ્માત વગરનો દિવસ આપણી આસપાસ પસાર થાય છે. માનવની દુનિયા ભલે સંકોચાતી જાય પણ અકસ્માતની દારૂણતા પ્રતિદિન વધતી જાય છે. કલ્પના કરો એ એક સમયે રોગોથી, ભૂખમરાં અને યુદ્ધોથી મરતાં માણસો આજે અકસ્માતનાં નિમિત્તે વગર વાંકે વધેરાઈ જાય છે. માણસને રહેંસી નાખનારાં કતલખાનાં રૂપાળા લૂગડાં પહેરી ઘૂમી રહ્યા છે. જેમાં વાતાનુકૂલન, સુંદર બેઠક, સંગીત અને અન્ય ઘણી સુવિધાઓ માણસને ગાંડા કરી મૂકવા પૂરતી છે. કોણ કહે છે કે માણસ છેતરાતો નથી? મોટરનો રંગ, ઢંગ અને આકાર જોઈને તેને પરણવાં માણસોની લાંબી કરારો થઈ જાય છે. આજે ગાડી લઈ જાઓ હપ્તા આવતાં વર્ષથી શરૂ થશે.- જેવી આકર્ષક છૂટ આપનારા વેપારીને ત્યાં લોકો જલ્દી ખેંચાઈ જાય છે.

લગ્નની ઋતુમાં આપણે ત્યાં વર-વધુને કયાંય પણ જવાની મનાઈ કરવામાં આવેલી છે. તેની પાછળ પણ અકસ્માતની સંભાવના રહેલી છે. છેલ્લી ઘડીએ લગ્નમાં જવાની ઉતાવળ અથવા સસ્તા વાહનની સવારી વ્યક્તિને કયાંયનો નથી રહેવા દેતી. કલ્પના કરો કે લગ્નમાં જવા નીકળેલ સગાસંબંધીઓ અકસ્માતનો ભોગ બને તે લગ્ન આજીવન અભિષાપ બની શકે છે કે બીજું કાંઈ! લગ્નમાં જવા માટે સંપૂર્ણ રીતનું અગાઉનું આયોજન હશે તો અકસ્માતને નિવારી શકાય. એના કરતા તો પછી લગ્નમાં ન જવું. જેથી જીવનની કિંમત જળવાઈ રહે.

જુદા જુદા વાહનો બનાવનાર કંપનીઓએ એવી મોટરો બનાવવી જોઈએ જે વાહન માલિક સિવાય શરૂ જ ન થાય. જેમ એટીએમ કાર્ડમાં વ્યવસ્થા હોય છે. વાહનો તો જ ગતિ પકડે જો સામે ખુલ્લો માર્ગ હોય નહીં તો ૪૦ની ઝડપથી આગળ ન દોડી શકે. આ ઉપરાંત વાહન પોતાની રીતે નિરીક્ષણ કરી આવનાર સંભવ અકસ્માતને જાતે જ ટાળે અને ચાલકને અને સવારી કરનાર બધા હેમખેમ મુસાફરી પૂર્ણ કરે. કારણ કે આજકાલ માણસ શારીરિક રીતે એક જગ્યાએ હોય અને તેનું ધ્યાન બીજે ક્યાંક હોય. હવે માણસ એકાંગી બની જીવી શકે તેમ નથી. વાહન બનાવનાર માલિકોએ ભારતીય જનસમુહ અને માર્ગોને ધ્યાનમાં રાખીને વાહનોની રચના કરવી જોઈએ.

### અકસ્માત થવાનાં કારણો અને ઉપાયો

| અકસ્માતનાં પ્રકાર | થવાનું શક્ય કારણ | શક્ય ઉપાય |
|---|---|---|
| વાહનની ક્ષમતા | ● ટાયર જૂનું થવું છતાં વાહનને ચલાવ્યે રાખવું<br>● સર્વિસનાં અભાવે સ્પેરપાર્ટની ખામી અને અકસ્માત થવો | સરકારનાં જે તે વિભાગો દ્વારા અકસ્માત નિવારણ માટેની નીતિ જાહેર કરવી જેમાં વાહનની સમયાંતરે સંપૂર્ણ તપાસ ફરજીયાત કરવી. |
| વાહનચાલકની અક્ષમતાના કારણે | ● મનોશારીરિક સ્થિતિનું મૂલ્યાંકન<br>● માત્ર વાહન ચલાવતા આવડે તે પૂરતું નથી પણ તેની ક્ષમતાઓનું સમયાંતરે નિરીક્ષણ (કોઈ રોગ કે તકલીફને છુપાવી રાખવી) | સરકારી નિગમ અને વાહન ભાડે આપતાં માલિકોએ પોતાને કમાવી આપતાં વાહન ચાલકની મનોશારીરિક વર્ષમાં એકવાર ફરજીયાત કરવી |
| વ્યસન કરનાર ચાલકની અક્ષમતાના | વ્યસન એક મનોસામાજિક અસમાનતા અને નબળાઈનું પરિણામ છે | દરેક હાઈવે પરનાં ટોલબુથ પર ડ્રાઈવરનો વ્યસનમાપન ટેસ્ટ લેવાય તેવી વ્યવસ્થા ઉભી કરવી અથવા વાહન માલિક વાહનચાલકની તપાસ રાખે |
| માર્ગની અક્ષમતાના કારણે | ચોમાસા બાદ અનેક રસ્તાઓ તુટી જાય છે, સમારકામ વિના દિવસો સુધી અનેક લોકોના અકસ્માત ચાલુ રહે છે | સરકારની પ્રથમ ફરજ છે (જવાબદાર અધિકારીઆને કામે લગાડવા) લોકોની પણ ફરજ છે કે જે તે વિભાગને સમયસર જાણ કરે. |
| લોકસેવકોની સમાજ પ્રત્યેની | સેવાના અનેક કાર્યો કરતી સંસ્થાઓ અકસ્માતોની ચર્ચા પણ કરે અને તેના શક્ય ઉપાયો અંગે સહસિંચન કરે | વિવિધ સમિતિ બનાવી તે અંગે જાગૃતિ કાર્યક્રમો કરે, વાહન ચાલકો સમાજની મોટી સેવા કરે છે તેમનું સન્માન કરવું જોઈએ. જેમ કે એક પણ અકસ્માત વગર ૧૦ વર્ષથી ડ્રાઈવિંગ કરનાર પ્રોત્સાહન આપવું. |
| વાહનચાલકનાં ઘરનાં સભ્યોની | વાહન ચાલકનું ઘરનાં સભ્યો પુરો સહકાર અને ધ્યાન ન આપવાથી | વાહનચાલકનાં ઘરનાં સભ્યોની તેની બધી જરૂરીયાતો અને માનસિક સહાય કરવાથી તેનામાં કાર્ય પ્રત્યે નિષ્ઠા જળવાઈ રહે છે. |

દુનિયા આખી જે ક્ષેત્રમાં સૌથી પહેલા જાગે છે તેમાં ભારત માત્ર આળસ મરડતી સુતું રહેલું જોવા મળે છે. અકસ્માત ન થાય તે માટે રોજ નવી ટેકનોલોજી અને નિયમોથી માનવ મન ઉપર અંકુશ મૂકે છે. માણસને બાંધવા નિયમો બનાવવા પડે અને સમય બદલાતાં એમાં સુધારા પણ જરૂરી છે. દુનિયાના કુલ ચાર અકસ્માતોમાંથી એક અકસ્માત ભારત પોતાને નામે કરે છે. આપણે વિચારવું રહ્યું કે ગરીબનો દિકરો એ ગરીબ બાપ માટે તો એકનો એક આધાર હોઈ શકે છે, તેની માનો લાડકવાયો હોઈ શકે છે. અરે! હોનહાર બાળકકો ખીલે એ પહેલાં અકસ્માતાં ભોગે કરમાઈ જતાં હશે. કેટલાયે ડૉકટર, એન્જિનિયર્સ, વૈજ્ઞાનિક કે કલાકારો અકસ્માતની હેલીમાં દટાઈ જતાં હશે. કુદરતની સામે આપણે જીવનને વધુ ઝડપ આપવા માટે વાહનો શોધ્યા અને તે જ વાહનો આપણી અનિયમિત માનસિકતા, ખોટી ઉતાવળ, ચડસાચડસી અને બતાવીદેવાની મનોવૃત્તિને લીધે રાષ્ટ્રને કેટલું ભયંકર નુકસાન વેઠવું પડે છે.

અકસ્માતમાં વાહન ચાલકનું મનોવિજ્ઞાન, એકબીજા સાથેની હરિફાઈનું સમાજકારણ, વધુ વેચાણ માટે કંપનીઓ વચ્ચેની બજારની હરિફાઈ, વ્યસનની અસરો, જૂના વાહનોની મર્યાદિત કામગીરી અને રસ્તાઓની માયાજાળ કામ કરી જાય છે. રાજનીતિજ્ઞો એમ માને છે કે એ તો જે તે વિભાગો એમની કામગીરી સંભાળે છે. પરંતુ રાજનીતિજ્ઞોની ઈચ્છાશક્તિ કામને નવી દિશા આપનારી હોય છે. લોકોને જાગૃત કરવા માટે સમાજસેવી સંસ્થાઓ પણ આ દિશામાં વિચારે એ જરૂરી છે. માત્ર ટ્રાફિક સપ્તાહની ઉજવણી તેનો ઉકેલ ન હોઈ શકે.

જગત પર માણસ સિવાય પણ બીજા જીવો પણ જીવે છે. આ સમાજ હોવા છતાં વાહન ચલાવતી વખતે ઝડપ જ એટલી બધી હોય કે કૂતરાને, ખિસકોલીને, ગાયને, કયારેક ઘરડા લોકોને અથવા નાના બાળકને બચાવી શકાતા નથી. શું છે આ ઝડપની પાછળનું ગણિત અને વિજ્ઞાન. ગણિત એ છે કે જેમ પરીક્ષામાં પ્રથમ ક્રમ લાવવાની હોડ જામે છે તેમ કેટલાક અવળચંડા ચાલકો માર્ગને પરીક્ષાનું પ્રશ્નપત્ર સમજી વધુ ગુણ લાવવાનો ખૂની પ્રયત્ન કરે છે. વિજ્ઞાન એ છે કે તેમાં માનવીને ઝડપનો એક નશો અને ટેવ પડી જાય છે. તેના મનમાં એક રીતે જાત પ્રત્યેનો છૂપો અહંકાર પોષાતો રહે છે. 'હું આટલી ક્ષણોમાં આટલો લાંબો માર્ગ પાર કરીને પહોંચી જાઉં છું.'

ગતિ ભલે જીવનનું અવિભાજ્ય અંગ હોય પણ તેમાં મર્યાદા અને સમજણ ઉમેરેલા હોવા જોઈએ. કોઈ વાહનને એટલું તો ન જ દોડાવાય કે તેના ઉપર આપણો કોઈ કાબૂ જ ન રહે.